ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૭ ટકા

# જાપાનના વડાપ્રધાનને આવકારતા શહેરના વિદ્યાર્થીઓ





ગાંધીનગર, તા.૧૪

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્જો આબે ગુજરાતની મુલાકાતે છે. ત્યારે આજે મહાત્મા મંદિર ખાતે આયોજીત ઈન્ડિયા -જાપાન સમિટમાં ઉપસ્થિત રહેવા માટે આવી રહ્યા હતા. આ બંન્ને વડાપ્રધાન અમદાવાદથી મહાત્મા મંદિર સુધી રોડ માર્ગે આવવાના હોવાથી આ મહેમાનોનું આગવી શૈલીમાં સ્વાગત માટે તંત્ર દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને પગલે મધર ડેરીથી મહાત્મા મંદિર સુધી બંન્ને દેશના વડાપ્રધાનને સત્કારવા માટે જિલ્લાની ૧૧ શાળાના ૨૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળોએ તૈયાર કરાયેલા ૧૦ સ્ટેજ પર ગુજરાતી ગરબા, ભવાઈ, આદિવાસી નૃત્ય, ડાંડીયારાસ, બેન્ડની સુરાવલી, લેઝીમ, ટીટોડો, ટીપ્પણી, દાંડીયા રાસ, સીદી ધમાલ રાસ, પિરામીડની કૃતિઓ રજુ કરી




હતી. તેમજ સ્ટેજની બાજુમાં હાજર અન્ય વિદ્યાર્થીઓએ ફલેગ ફરકાવીને બંન્ને મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. ત્યારે બંન્ને વડાપ્રધાનોએ પણ બાળકો તેમજ માર્ગ પર ઉભા રહેલા નાગરીકોનું હાથ હલાવીને અભિવાદન ઝીલ્યું હતું. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જાપાનના વડાપ્રધાનને આવકારતા ગુજરાતી ભાતીગળ સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે બાળકો સવારે ૯.૩૦ કલાકે સ્ટેજ ખાતે પહોંચી ગયા હતા. જેમાં દરેક સ્ટેજ પર ૩૦ બાળકોએ વિવિધ કૃતિઓ રજુ કરી હતી. જયારે સ્ટેજની બાજુમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉભા રહીને બંન્ને વડાપ્રધાનનું બંન્ને ફલેગ ફરકાવીને ભવ્ય સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં જિલ્લાની જવાહર નવોદય સ્કુલ, બ્રાઈટ ઈન્ટરનેશનલ, દિલ્હી પબ્લીક સ્કુલ, એમ.એમ.વસા હાઈસ્કુલ કોબા, વાસુ ઈન્ટરનેશનલ સ્કુલ, એસએસવી સ્કુલ, સ્કુલ ઓફ એચીવર, જે.એમ.ચૌધરી, વસંતકુંવરબા, સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ ધામ, કસ્તુરબા કેન્દ્ર કોબા, આર.જી.ગલ્સૅ, આર.સી.પટેલ, એમ.બી.પટેલ, માઉન્ટ કાર્મેલ, આરાધના સહિતની શાળાના બાળકોનો સહયોગ સાંપડયો હતો. જયારે સમગ્ર માર્ગ પર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ પોલીસ જવાનો ખડે પગે હાજર રહ્યા હતા.

## એસ.એસ.વી. શાળાના બાળકોનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારી કચેરી દ્વારા ૨૦૧૭-૧૮ના ખેલમહાકુંભમાં વિવિધ રમતો ગાંધીનગર જિલ્લામાં યોજાઈ હતી. જેમાં અલગ અલગ સ્કુલના બાળકોએ ભાગ લીધો હતો. ગાંધીનગરના સે-૩માં એસ.એસ.વી. કેમ્પસના બાળકો વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ઉચ્ચ પરિણામ લાવ્યા છે. કામાણી કૃપા કે. અન્ડર-૧૭ ચેસ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાને, અન્ડર-૧૭ સ્કેટીંગ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લામાં ગોસ્વામી ઈશુ પ્રથમ સ્થાને, અન્ડર-૧૭ કુસ્તી સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લામાં ચારડીયા કીરણ એચ. તેમજ સોલંકી ધ્રુવ પ્રથમ સ્થાને અન્ડર-૧૭ ભાઈઓ રસ્સાખેંચમાં ગાંધીનગર જિલ્લામાં ત્રીજા સ્થાને, અન્ડર-૧૭ બહેનો રસ્સાખેંચમાં ગાંધીનગર જિલ્લામાં બીજા સ્થાને તેમજ અન્ડર-૧૭ વોલીબોલ સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવી સરકારના નિયમોનુસાર ઈનામના પાત્ર બન્યા હતા તેમજ રાજય કક્ષાએ વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે.

એસ.એસ.વી. કેમ્પસ સે-૩ સ્કુલના બાળકોએ ભણતર સાથે વ્યાયામ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ઉચ્ચ પરિણામ લાવ્યા હતા જેથી શાળાના ટ્રસ્ટીગણ, પ્રિન્સીપાલ તેમજ તમામ શિક્ષક મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

## સિવિલમાં ઓગસ્ટ માસમાં ૬૪૮ બાળકનો જન્મ થયો

ગાંધીનગર, તા.૧૪

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવાને પગલે દર્દીઓમાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ ખાતે દોડી આવે છે. જેમાં શહેર-જિલ્લામાંથી સગર્ભા મહિલાઓની સંખ્યા સવિશેષ હોય છે. ત્યારે હોસ્પિટલમાં સગર્ભા મહિલાઓની કાળજી લેવાની સાથે ગાયનેક વિભાગની ડોકટર્સ ટીમ ૨૪ કલાક હાજર હોવાથી સિવિલમાં ડિલીવરીની સંખ્યા ઓગસ્ટ માસમાં રેકોર્ડ બ્રેક થવા પામી છે. છેલ્લા માસમાં કુલ ૬૪૮ બાળકોનો જન્મ થયો છે. જેમાં ૪૨૬ નોર્મલ અને ૨૨૨ સિઝેરીયન ડિલેવરી નોંધાવા પામી છે.

સામાન્ય સંજોગોમાં પણ




અન્ય મહિનાઓ કરતા ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં ડિલીવરી વધતી હોય છે. ત્યારે પાટનગર મેડીકલ કોલેજ બનવાને પગલે ગાયનેક ડોકટરની સંખ્યા વધી છે. તો સાથે સાથે અન્ય સ્ટાફ પણ વધ્યો છે એટલે જ નહી, સિવિલની જુની બિલ્ડીંગમાં ડિલીવરી તેમજ ગાયનેક દર્દીઓને રાખવામાં આવે છે. સિવિલમાં પહેલા કરતા મહિલા દર્દીઓનો ધસારો વધતા પથારી અને વોર્ડની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે. ત્યારે ગત ઓગસ્ટ માસમાં જ સિવિલમાં રેકોર્ડ બ્રેક ૬૪૮ બાળકો જન્મયા છે. આ અંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ અને ગાયનેક વિભાગના હેડ ડો. બિપિન નાયકે માહિતી આપતા જણાવ્યું હતુ કે સામાન્ય સંજોગોમાં ઓગસ્ટ માસમાં ડિલીવરીની સંખ્યા વધતી હોય છે. જેથી અમે અગાઉથી જ તૈયાર હોઈએ છીએ. આ વર્ષે સ્વાઈન ફલુની બિમારીને પગલે ગર્ભવતી મહિલાઓ હેરાન ન થાય તે માટે ખાસ તકેદારી લેવાઈ હતી. ગાયનેક વોર્ડ અને ઓપરેશન થિયેટરમાં રાઉન્ડ ધ કલોક ડોકટર્સ હાજર રહેતા હતા. અત્યાર સુધીમાં લગભગ સિવિલમાં કયારેય આટલી મોટી સંખ્યામાં ડિલીવરી થઈ નથી. ત્યારે માત્ર એક જ મહિનામાં ૪૨૬ નોર્મલ અને ૨૨૨ સિઝેરીયન કરીને કુલ ૬૪૮ ડિલીવરી કરાવવામાં આવી છે. જેમાં ૩૫૭ બાળકો અને સામે ૨૮૫ બાળકીઓએ જન્મ લીધો છે.

## જુના કોબા ગામે ફિઝિયોથેરેપી કેમ્પ યોજાયો



આજના યુગમાં હાડકા તથા સાંધાના દુઃખાવા સંબંધિત ફરિયાદોનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. રોજબરોજની દિનચર્યામાં બેસવા-ઉઠવા કે સુવા અથવા નમવા-વજન ઉપાડવા વગેરેમાં ખોટી પધ્ધતિની આદતના કારણે પણ સમસ્યા સર્જાતી હોય છે. આ સમસ્યાઓ માટે ફિઝિયોથેરેપી એક અસરકારક સારવાર પુરવાર થઈ શકે છે. ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા જુના કોબા ગામે વિના મૂલ્યે ગ્રામજનો માટે નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જુના કોબા ગામની સરકારી પ્રાથમિક શાળામાં આચાર્યા નીરૂબેન પટેલના સહયોગથી યોજવામાં આવેલ કેમ્પમાં ફિઝિયોથેરેપી કોલેજના ડૉ. અવધિ અમીન તથા ડૉ. સુધા ચૌહાણે ગ્રામજનોને નિદાન સારવારની સેવા પુરી પાડી હતી. આ કેમ્પમાં ગામમાંથી ૩૫થી વધુ દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો.

### આઈ લવ માય ગાંધીનગર



**જય રાણા**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર એ કલા અને સંસ્કૃતિ તથા સુંદરતા અને હરિયાળીથી ભરેલી ભૂમિ છે એટલે મને ગમે છે.

**નગરજનો**

કલાપ્રેમી અને સેવાપ્રેમી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

રોટલી કલબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

કલાની પ્રવૃત્તિઓ નગરમાં જેટલી થાય છે તેટલી કલાકારોને તૈયાર કરવાની પ્રવૃત્તિઓ થાય તો હું માનું છું કે અહીંના કલાકારો દુનિયામાં નામ કાઢે એવા છે. આ દિશામાં કોઈ ઠોસ પ્રયાસ હાથ ધરાય તેવી જરૂર છે.

**નગર માટે હું કરી શકું**

શિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસ માટેનાં સઘળાં કામો માટે શહેરને હું મારી સેવા, સહાય આપવા માટે તૈયાર છું.

## જાપાનીઝ ડેલિગેટને ચકકર આવતા ઢળી પડયાં...!!

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના મહાત્મા મંદિરે આજે ભારત-જાપાન શિખર સંમેલન યોજાયું હતું. જેમાં જાપાનના વડાપ્રધાન શિન્જો આબે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. જાપાનીઝ વડાપ્રધાન સાથે તેમના દેશનું ડેલિગેશન અને પત્રકારોની ટીમ આવી હતી. બપોરના ભોજન સમયે એક જાપાનીઝ ડેલિગેટને અચાનક ચકકર આવી જતા લથડી પડયા હતા જેમને તાત્કાલિક સ્ટ્રેચરમાં ડાઈનીંગ હોલની બહાર લઈ જઈ સારવાર અપાઈ હતી.

જાપાની ડેલિગેટસ સવારથી મહાત્મા મંદિર અને દાંડિ કુટિર પર ઉપસ્થિત હતું. આ ડેલિગેટસમાંથી એક ડેલિગેટ જેમણે સવારથી કશું ખાધું ન હોવાથી ભુખના કારણે ચકકર આવી ગયા હતા. બપોરના આશરે ૨ વાગે મુખ્ય ડાઈનીંગ હોલમાં બનેલી આ ઘટનામાં ઢળી પડતા તેમને તાત્કાલિક સ્ટ્રેચરમાં ડાઈનીંગ હોલમાંથી બહાર લઈ જઈ મહાત્મા મંદિરે



અંતરંગ સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર ડેલિગેટસને બ્લડસુગરની સમસ્યા હતી અને એવામાં તેમણે સવારથી કંઈ ખાધું નહોતું જેના કારણે તેમનું સુગરલેવલ ઘટી જતા ચકકર આવ્યા હતા. ચકકર આવતા ઉપલબ્ધ ઈમરજન્સી પ્રાથમિક સારવાર અપાઈ હતી. આ સારવારથી તેઓ થોડીકવારમાં જ સ્વસ્થ થઈ જતા તેમને સિવિલ હોસ્પિટલ લઈ જવાનું મુલત્વી રખાયું હતું.

## કોલેજના પ્રોફેસરની હત્યાને બે વર્ષ થયા પણ હત્યારા ના પકડાયા..!!

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી કડી વિશ્વ વિદ્યાલય સંચાલિત કે. બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં બાયો ટેકનોલોજી વિભાગના વડા તરીકે ફરજ બજાવતા ૭૨ વર્ષના પ્રોફેસર ડો. મહેશચંદ્ર શર્માની કેમ્પસમાં આવેલા તેમના મકાનમાં ઘુસી કેટલાક શખ્સો કરપીણ હત્યા કરીને ફરાર થઈ ગયા હતા. આ ચકચારી ઘટનાને બે વર્ષ થવા આવ્યા પરંતુ હજુ હત્યારાઓ બિન્દાસ્ત આઝાદ ફરી રહ્યા છે. પોલીસ હજુ સુધી હત્યારા સુધી પહોંચી શકી નથી. એક શંકાસ્પદ ઈન્ડીકા ગાડીમાં હત્યારાઓ આવ્યા હોવાનું ખુલ્યુ હતુ પરંતુ ત્યાર બાદ આ હત્યાકેસમાં કોઈ જ પ્રગતિ જોવા મળી નથી.

ઓકટોબર-૨૦૧૫ માં આ ઘટના બનવા પામી હતી અને ઘટનાએ ભારે ચકચાર મચાવી હતી. સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના સ્ટાફે તપાસ કરતા ડો. શર્માની છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હોવાનું ખુલ્યુ હતું, જેના પગલે પોલીસે સ્થળ પર વીડિયોગ્રાફી સાથે પંચનામુ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. જ્યાં પ્રોફેસરના શરીર પર ગળા, માથા, પેટ, પડખા તથા હાથ-પગના ભાગે ૮ જેટલા તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવ્યુ હતુ. હત્યામાં ડો. શર્માની સાથે રહેતા તેમના દોહિત્ર અવિરલ વાજપેયીએ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. પ્રોફેસર ડો. શર્માના દોહિત્ર અવિરલ તે દિવસે બપોરે અમદાવાદ ગયો હતો. મોડી રાત્રે ૧૧.૧૫ વાગ્યાની આસપાસ પરત ફર્યો ત્યારે પ્રોફેસરની હત્યા થઈ હોવાની ખબર પડી હતી.પોલીસ દ્વારા કોલેજ કેમ્પસના સીસીટીવી કેમેરા અંગે તપાસ કરતા એક ઈન્ડીકા ગાડીમાં હત્યારાઓ આવ્યા હોવાનું ધ્યાને આવ્યુ હતુ. જો કે આ ઘટનાને બે વર્ષ થવા આવ્યા છતા પોલીસ હત્યારાઓને પકડી શકી નથી.

### @ગાંધીનગર

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા ઈ-૩૦૨ શાલ્વિક શુકન વાવોલ, ભારતીબેન પોપટના નિવાસસ્થાને બપોરે ૩ થી ૬ દરમિયાન ભજન સત્સંગનો કાર્યક્રમ યોજેલ છે. સૌ ભકતજનોને લાભ લેવા વિનંતી.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨૫-૯-૨૦૧૭ સોમવારના રોજ બપોરે ૨ વાગે સે-૧૬ બ્રહ્મભવન ખાતે રાખવામાં આવેલ છે.

બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા આયોજીત ગરબા સ્પર્ધામાં વય જુથ પ્રમાણે ૫ થી ૧૫, ૧૬ થી ૩૦, ૩૧-૪૫, ૪૬ થી ૫૫ અને ૫૫ વર્ષથી ઉપરના વયજુથનો સમાવેશ કરાયો છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અંજનાબેન ગોર-૯૪૨૮૯૧૪૪૮૨, વિમલાબેન અયાચી-૯૪૨૬૩૫૬૦૧૭ અને જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય-૯૯૨૪૧૯૯૩૨૨નો સંપર્ક સાધવા જણાવાયું છે.

### ચિરવિદાય

● સ્વ. કમલબેન પ્રકાશભાઈ ભોજ, ઉ.વ. ૫૭

# ચિલોડા સર્કલે ઓવરબ્રિજની કામગીરીનો ધમધમાટ

## સીકસલેન હાઈવેની કામગીરીમાં સૌ પ્રથમ ચિલોડા ઓવરબ્રિજ આકાર લેશે : ઓવરબ્રિજ બનાવવામાં જમીન ચકાસણી સહિત દરેક કાર્યમાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ

ગાંધીનગર, તા.૧૪

ચિલોડાથી નરોડા વચ્ચેના આઠ કિમી સિંગલ પટ્ટી માર્ગને પહોળો કરવાની કામગીરીમાં નેશનલ હાઈવે નં. ૮ સિકસલેન બનાવવાનો શ્રેષ્ઠ નિર્ણય અમલી બન્યો છે. જેમાં તંત્ર દ્વારા આ હાઈવે ઉપરથી નડતરરૂપ દબાણો દૂર કરી જમીન સમતળ બનાવી દીધી છે અને સૌ પ્રથમ ચિલોડા સર્કલે જ કામનો શુભારંભ કરી ઓવરબ્રિજનું માળખુ તૈયાર થઈ રહ્યું છે. અત્યાધુનિક મશીનરી દ્વારા જમીન ચકાસણી અને અન્ય કામગીરી થઈ રહી છે ત્યારે ચિલોડા સર્કલની ચોતરફ વસવાટ કરતાં પ્રજાજનોમાં આનંદ પ્રસરી જવા પામ્યો છે.

ચિલોડા-નરોડા વચ્ચેના માર્ગે અનેક નિર્દોષોના લોહી અકસ્માતમાં વહી ગયા પછી રાજય સરકારના સઘન પ્રયાસોના અંતે આ માર્ગને સિકસલેન બનાવવાની મંજુરી મળી ગઈ છે જે મુજબ હાલ તંત્ર આ નેશનલ હાઈવેની કામગીરીમાં રચ્યુપચ્યુ બન્યું છે. ચિલોડા સર્કલે તેમજ ચિલોડાથી નરોડા વચ્ચે ઉભા થયેલા દબાણો દૂર કરી માર્ગ બનાવવાની કામગીરી શરુ કરી દેવાઈ છે. જેમાં હાલ ચિલોડા સર્કલે ઓવરબ્રિજ બનાવવાની કામગીરીનો ધમધમાટ દિવસ દરમિયાન નજરે પડી રહ્યો છે. મુખ્યમાર્ગ બંધ કરી સર્વિસ રોડ ઉપર વાહનોને ડાયવર્ઝન આપી દેવાયા છે. પૂરજોશમાં ચાલી રહેલી આ કામગીરીમાં જમીન ચકાસણી તેમજ અન્ય કામ આધુનિક મશીનરી અને ટેકનોલોજીના ઉપયોગથી થઈ રહ્યું છે.

અમદાવાદ, દહેગામ, ગાંધીનગર, સાદરા, હિંમતનગર તરફ જતા માર્ગોની વચાળે ઉભેલા ચિલોડા સર્કલે ઓવર બ્રિજથી ટ્રાફીક સમસ્યા હલ થશે તેમજ સમયની બચત થશે. વધુમાં ચિલોડા એ ચાર થી પાંચ જિલ્લાઓને જોડતું સ્થળ છે જેથી અહીં પુર્ણ વિકાસ થાય તે જરુરી છે જેની પહેલ થતાં હવે અહીં ધંધા રોજગાર અને રહેઠાણ માટે શ્રેષ્ઠ સ્થળ ઉભું થશે. વધુમાં જમીનોના ભાવ ઉંચકાતા ચિલોડની માંગમાં વધારો થશે. જો કે પ્રાથમિક જરૂરિયાતોનો અહીં અભાવ રહ્યો છે જેનો ઉકેલ આવવાની આશા બંધાઈ છે. ચિલોડા ઓવરબ્રિજથી અનેક નવા માર્ગો ઉભા થશે જે કારણે વાહનચાલકોને ખુબ જ સરળતા ઉભી થશે.

